# વડોદરાના ૦૯ માં એડીશ્નલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. વડોદરા.

**<u>ફોજદારી કેસ નં.૧૪૪૯૭/૨૦૨૩</u>**

**<u>આંક – ૧ લગત હુકમ</u>**

==========================================

ફરીયાદી :- શ્રી સરકાર

વિ.

આરોપી/ઓ. :- રોહીતભાઇ રતનરાવ ધાડવે

==========================================

(૧) આ કામના આરોપી/ઓ સામે **પ્રોહી.એક્ટની કલમ-૬૫(એ)(એ)** મુજબનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. આરોપી/ઓ ગુના બાબતે પોતાની મરજી અને સ્વૈચ્છાએ ગુનો કબુલ કરવાનું જણાવે છે. અને તે બાબતે તેઓએ પોતાની ગુના કબુલાત પુરશીસ પણ આ કામે રજુ રાખેલ છે. તેની વિગતો વંચાણે લેતા આરોપી/ઓ સ્વૈચ્છીક કબુલાત કરતા હોવાનું ફલિત થાય છે.

(૨) આરોપી/ઓએ ગુના કબુલાત પુરશીસ આપી અદાલત સમક્ષ જાહેર કરેલ છે કે, તેઓ ગુના બાબતે અજાણ અને અજ્ઞાન હોય પ્રથમ વખત ગુનો બનેલ છે. તેમની પ્રથમવારની ભુલ છે. ભવિષ્યમાં ફરીથી આ પ્રકારનો ગુનો કરશે નહી. ગુના બદલ પ્રાયશ્ચિત કરે છે અને તેઓ ગરીબ ઇસમ છે અને કુટુંબના ભરણપોષણની તમામ જવાબદારી તેમના શિરે હોય, હવે પછી આવો કોઇ ગુનો નહિ કરે તેવુ જણાવી, દયા રાખી હળવી સજા કરવા વિનંતી કરેલ છે. વિશેષમાં કોર્ટ દ્વારા આરોપી/ઓને સમજાવેલ છે કે, કબૂલાત કરવા તેઓ બંધાયેલ નથી અને ગુનો કબૂલ કરવામાં આવશે તો કાયદાની જોગવાઇ મુજબ મહત્તમ સજા થઇ શકે છે. આમ છતાં આરોપીઓ તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ મંજુર રાખેલ છે. આરોપીઓની કબુલાત પુરસીસ વંચાણે લેવામાં આવે તો આરોપીઓનો પ્રથમ ગુન્હો છે. આરોપીઓ સામે કોઇ ગુનાહિત ઇતિહાસ હોય તેવુ રેકર્ડ પરથી જણાતુ નથી. આરોપીઓ ગુન્હા અંગે પસ્તાવો વ્યક્ત કરતા હોય, સુધરવાની તક માટે અરજ કરતા હોય, આરોપી ઓ પર તેમના કુટુંબની જવાબદારી છે તેમ જણાવતા હોય,તે તમામ હકીકત અને આરોપી ઓની આર્થિક તેમજ કૌટુંબિક પરિસ્થિતી અને જવાબદારીને ધ્યાને લેતાં તેમજ આરોપીઓ સામે કોઇ ગુનાહીત ઇતિહાસ રેકર્ડ પર આવેલ ન હોય,તે હકીકત, ગુનાની ગંભીરતા વિગેરે તમામ પરીબળો સાથે સાથે નામદાર ગુજરાત રાજ્યની વડી અદાલતના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯ વાળા ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતને ધ્યાને લેતાં કોર્ટ કેસના સંજોગો અને આરોપીઓની સ્થિતીને ધ્યાને લઇ ન્યુનતમ સજા કરતાં પણ ઓછી સજા કરીને તેમજ ઓછો દંડ ભરવાનો હુકમ કરવામા આવે તો ન્યાયનુ હિત જળવાઇ રહે તેમ હોય ઉપરોક્ત સંજોગો ધ્યાને લઇ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**-:: આખરી હુકમ ::-**

આ કામના આરોપી/ઓને ક્રિ.પ્રો.કોડની કલમ – ૨૪૧ મુજબ ઉપરોક્ત ગુનામા તકસીરવાન ઠરાવી, સદર ગુના સબબ આરોપી દીઠ તમામને **રૂ.૧૦૦/– ( અંકે રૂપિયા એકસો પુરા) નો દંડની સજા** ફરમાવવામા આવે છે. આરોપીઓ જો દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે કબજે કરેલ પ્રોહિબીટેડ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. તે સિવાય આ કામે જો વાહન/ મોબાઈલ મુદ્દામાલ તરીકે કબજે કરેલ હોય અને જો તે અંગે જો વચગાળાનો કોઇ હુકમ કરવામાં આવેલ હોય તો તે યથાવત રાખવામા આવે છે અન્યથા જવાબદાર પોલીસ અધિકારીએ મુદ્દામાલ અંગે ઇન્ક્વાયરી કરી માલિકીના ઓળખના આધાર પુરાવા લઈ તેના મુળ માલિકને પરત કરવો.

હુકમ આજરોજ તારીખ : ૦૯મી, માહે – સપ્ટેમ્બર, સને – ૨૦૨૩ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૦૯/૦૯/૨૦૨૩

વડોદરા.

**( એ.એમ. મહેતા)**

૯માં એડીશ્નલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ

ફર્સ્ટ ક્લાસ ,વડોદરા.

---

દંડ પાવતી નં. :– ____________________

વસુલ દંડની રકમ :– રૂ. ૧૦૦/– ( અંકે રૂપિયા એકસો પુરા)

તા. ૦૯/૦૯/૨૦૨૩

નાઝર, ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, વડોદરા.